કોમનવેલ્થ ગેમ્સમાં ભારતનો સુવર્ણ દિવસ

એક જ દિવસમાં નવ ગોલ્ડ સહિત ૧૭ ચંદ્રકો જીત્યા : મેરી કોમ, ગૌરવ સોલંકી, સંજીવ રાજપૂત, નિરજ ચોપડા, મણિકાએ ગોલ્ડ મેડલ જીતીને ભારતનું નામ રોશન કર્યું : મેડલની સંખ્યા વધીને ૫૮ થઇ ગઇ

નવી દિલ્હી,તા. ૧૪

કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય ખેલાડીઓનો જોરદાર દેખાવ આજે જારી રહ્યો હતો. આજે દસમાં દિવસે ભારતે સુવર્ણ દેખાવ કરીને આઠ સુવર્ણ ચંદ્રક સહિત ૧૫થી વધુ મેડલો જીતીને જોરદાર સપાટો બોલાવ્યો હતો. ભારતે ત્રણ કાંસ્ય અને ત્રણ સિલ્વર મેડલ પણ જીતી લીધા છે. બોક્સિંગમાં મેરી કોમ, ગૌરવ સોલંકી, શૂટિંગમાં સંજીવ રાજપૂત અને નિરજ ચોપરાએ ભાલાફેંકને ભારતને સુવર્ણ જીતાડવામાં સફળતા મેળવી હતી. પુરુષોના વર્ષમાં સિંગલ્સમાં બેડમિંટનમાં બ્રોન્ઝ મેડલ મેચમાં ભારતના એચએસ પ્રનોયે ઇંગ્લેન્ડના રાજીવ ઓસફ સામે ૨૧-૧૭, ૨૩-૨૫, ૯-૨૧થી હારી ગયો હતો. બોક્સિંગમાં ૭૫ કિલોગ્રામ મેચમાં વિકાસ કૃષ્ણએ ગોલ્ડ જીતવામાં સફળતા મેળવી હતી. ટેબલ ટેનિસમાં ભારતની હરમીત દેસાઈ અને શનિલ શંકર શેટ્ટીની જોડીએ સિંગાપોરની જોડીને હરાવીને બ્રોન્ઝ મેડલ જીતવામાં સફળતા મેળવી હતી. જો કે, હોકીમાં ભારતને મોટો ફટકો પડ્યો હતો. ભારતની ઇંગ્લેન્ડ સામે ૧-૨થી હાર થઇ હતી. અન્ય રમતોમાં પણ ભારતીય ટીમનો આજે જોરદાર દેખાવ રહ્યો હતો. સ્કવેશમાં દિપીકા પલ્લીકલ અને સૌરવ ભાવસારની જોડીએ સિલ્વર મેડલ જીતવામાં સફળતા મેળવી હતી. ભારતીય બોક્સર સતીષ કુમાર ઇંગ્લેન્ડના ફ્રેઝર ક્લાર્ક સામે ૫૧ કિલોગ્રામ વર્ગમાં હારી જતાં સિલ્વરથી સંતોષ માનવાની ફરજ પડી હતી. આજે ભારતીય ખેલાડીઓ માટે જોરદાર દિવસ રહ્યો હતો. ટેબલ ટેનિસમાં ભારત તરફથી મણિકા બત્રાએ ગોલ્ડ મેડલ જીતવામાં સફળતા મેળવી હતી. આજે ૧૦ દિવસે ભારતના મેડલની સંખ્યાનો આંકડો વધીને ૫૬ ઉપર પહોંચ્યો હતો. જેમાં ૨૬ ગોલ્ડ, ૧૫ સિલ્વર અને ૧૮ બ્રોન્ઝનો સમાવેશ થાય છે. વધારે ગોલ્ડ મેડલ જીતે તેવી શક્યતા છે. મેરી કોમ અને ગૌરવ સોલંકી બાદ બોક્સિંગમાં ભારતને હજુ પણ ચન્દ્રકો મળી શકે છે. મનીષ કૌશિક પર હવે તમામની નજર કેન્દ્રિત થઇ ગઇ છે. ૬૦ કિલોગ્રામમાં તે ઓસ્ટ્રેલિયાના હેરી સામે રમી રહ્યો છે. મેરી કોમ બાદ ગૌરવ સૌલંકીએ જોરદાર દેખાવ કર્યો હતો. ભારતે હજુ સુધી કોમનવેલ્થમાં ધરખમ દેખાવ કર્યો છે. ભારતને ૨૬ ગોલ્ડ મેડલ મળી ચુક્યા છે. આવી જ રીતે શુટર સંજીવ રાજપુતે પણ ૫૦ મીટર રાઇફલ થ્રી પોઝિશનમાં ગોલ્ડ મેડલ જીતી લેવામાં સફળતા મેળવી હતી. ૨૧મા કોમનવેલ્થ ગેમ્સમાં પાંચ વખતની વર્લ્ડ ચેમ્પિયન એમએસ મેરી કોમે ગોલ્ડ મેડલ જીતીને સાબિતી આપી દીધી છે કે તેના પંચનો હજુ પણ કોઇ જવાબ નથી. ૩૫ વર્ષીય મેરી કોમે ૪૫-૪૮ કિલોગરામ કેટેગરીની ફાઇનલ મેચમાં નોર્ધર્ન આયરલેન્ડની ક્રિસ્ટીના ઓહારાને ૫-૦થી હાર આપી હતી. લંડન ઓલિમ્પિક ૨૦૧૨માં કાસ્ય જીતવામાં મેરી કોમ સફળ રહી હતી. મેરી કોમ કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ જીતનાર પ્રથમ ભારતીય મહિલા બની ગઇ છે. ભારતે હજુ સુધી ૨૦ ગોલ્ડ જીતી લીધા છે. ગોલ્ડન ફાઇટમાં મેરી કોમે શરૂઆતમાં બચાવ કર્યો હતો. જો કે છેલ્લે જોરદાર રમત રમી હતી. મેરી કોમે ફુટવર્કની સાથે સાથે પોતાના ડાબા હાથનો જોરદાર ઉપયોગ કરી રહી હતી. તેમના લેફ્ટ હુકની આગળ નોર્ધર્ન આયરલેન્ડની બોક્સર ફ્લોપ રહી હતી. ઓહારાની પાસે મેરીકોમના દમદાર પંચ અને ફિટનેસનો કોઇ જવાબ ન હતો. મેરિકોમે મેચને એકતરફી બનાવી દીધી હતી. કુશ્તીમાં ભારતના સુમિતે ૧૨૫ કિલોગ્રામમાં કોમનવેલ્થ ગેમ્સમાં ફ્રી સ્ટાઇલ સ્પર્ધામાં વોકઓવર મળ્યા બાદ સુવર્ણ જીતવામાં સફળતા મેળવી હતી. આવી જ રીતે વિનેશ ફોગાટે ૫૦ કિલોગ્રામ ફ્રી સ્ટાઇલમાં ગોલ્ડ જીતી લેવામાં સફળતા મેળવી હતી. જ્યારે નિરજ ચોપડા કોમનવેલ્થ ગેમ્સમાં ભાલાફેંક અથવા જવેલીનમાં સુવર્ણ જીતનાર પ્રથમ ભારતીય બન્યા હતા.

અંતે સીરિયા પર અમેરિકાના ભીષણ હવાઇ હુમલા

બ્રિટન અને ફ્રાન્સ પણ હવાઇ હુમલામાં અમેરિકાની સાથે જોડાયા : નાગરિકોને ટાર્ગેટ બનાવીને રસાયણ હુમલા કરવા બદલ સીરિયાના પ્રમુખ અસદને બોધપાઠ ભણાવવાના હેતુથી હુમલા : શ્રેણીબદ્ધ મિસાઇલો ઝીંકાઇ



દમિશ્ક,તા. ૧૪

નિર્દોષ નાગરિકો, માસુમ બાળકોને ટાર્ગેટ બનાવીને તાજેતરમાં જ કરવામાં આવેલા કેમિકલ અટેક બદલ સીરિયન પ્રમુખ બસર અસદને બોધપાઠ ભણાવવાના હેતુથી અમેરિકાના નેતૃત્વમાં આજે ગઠબંધન દ્વારા સીરિયામાં ભીષણ હવાઇ હુમલા શરૂ કરવામાં આવ્યા હતા. આની સાથે જ વિશ્વમાં વ્યાપક દહેશત ફેલાઇ ગઇ હતી. આ હવાઇ હુમલાની સીધી અસર તમામ જગ્યાએ અને ક્ષેત્રોમાં હવે દેખાનાર છે. સીરિયામાં અમેરિકાએ ફ્રાન્સ અને બ્રિટનની સાથે મળીને હવાઇ હુમલા શરૂ કરી દીધા છે. સીરિયામાં છેલ્લા કેટલાક વર્ષોથી ચાલી રહેલા આંતર વિગ્રહ અને રક્તપાતના દોરમાં ૩૫૦૦૦૦ લોકોના મોત થઇ ચુક્યા છે. સીરિયા સતત સંઘર્ષના કારણે બરબાદ થઇ ગયુ છે. અમેરિકાના હુમલા સંબંધમાં માહિતી આપતા અસદ તરફી અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે હુમલા દરમિયાન સીરિયામાં ૩૦થી પણ વધારે મિસાઇલ ઝીંકવામાં આવી છે. નુકસાન અંગે વાત કરતા અસદ સરકારે આ મુજબની વાત કરી છે.

દરમિયાન સીરિયાના સ્ટેટ મીડિયાના હેવાલમાં કહેવામાં આવ્યુ છે કે અમેરિકા સહિતના દેશોના હુમલા ગેરકાયદે છે. સીરિયન સરકાર સામે અમેરિકા, ફ્રાન્સ અને બ્રિટને સંયુક્ત રીતે હવાઇ હુમલા કર્યા છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રને નામ પોતાના સંબંધમાં કહ્યુ છે કે અસદ સરકાર દ્વારા પોતાના લોકો પર જ રસાયણિક હુમલા કરવામાં આવ્યા છે. જે ખુબ આઘાતજનક છે. રસાયણિક હુમલા અને હથિયારો રાખવા બદલ સીરિયા સામે આ કાર્યવાહી કરવામાં આવી છે.

તેમણે કહ્યુ હતુ કે સીરિયામાં કેમિકલ હુમલા કરવામાં આવ્યા બાદ હિંસામાં સતત વધારો થઇ રહ્યો છે. ટ્રમ્પે કહ્યુ છે કે થોડાક સમય પહેલાજ તેઓ કહ્યુ હતુ કે ઘાતક હથિયારોનો ઉપયોગ કરવાની બાબત બિલકુલ યોગ્ય નથી.

તેમણે કહ્યુ હતુ કે અમેરિકાની સેનાને સીરિયાના પ્રમુખ બસર અલ અસદના રસાયણિક હથિયારો સાથે સંબંધિત અડ્ડાને ટાર્ગેટ બનાવીને હુમલા કરવા માટે તેઓએ આદેશ આપ્યા હતા. આ આદેશના ભાગરૂપે સીરિયાના કેમિકલ હથિયારોના અડ્ડા પર હુમલા કરવામાં આવી રહ્યા છે.

હુમલા અંગે માહિતી આપતા ટ્રમ્પે કહ્યુ હતુ કે ફ્રાન્સ અને બ્રિટનની સેના સાથે મળીને સંયુક્ત ઓપરેશન ચાલી રહ્યુ છે. અમે બન્ને દેશોનો પણ આભાર માનીએ છીએ. આ નરસંહાર આ ભયાનક સરકાર દ્વારા ઉપયોગ કરવામાં આવેલા કેમિકલ હથિયારોની પ્રવૃતિમાં મોટો વધારો છે. ટ્રમ્પે સીરિયાના પ્રમુખ અસદ પર પ્રહારો કરતા કહ્યુ છે કે આ કોઇ માનવીની હરકત હોઇ શકે નહી.

હુમલાઓ યુદ્ધમાં ફેરવાઈ શકે છે : રશિયાની ચેતવણી

પુટિનના અપમાનને ચલાવી લેવાશે નહીં : અમેરિકાના હુમલા બધા નીતિનિયમોનો ભંગ કરી કરાયા છે : રશિયા

મોસ્કો, તા. ૧૪

સિરિયા પર આજે અમેરિકાએ ભીષણ હવાઈ હુમલા કરીને રશિયા અને ઇરાનને ચેતવણી આપી દીધી છે. આના જવાબમાં રશિયા તરફથી કઠોર પ્રતિક્રિયા આપવામાં આવી છે. રશિયા તરફથી નિવેદન જારી કરીને કહેવામાં આવ્યું છે કે, અમેરિકા, ફ્રાંસ અને બ્રિટને સિરિયા પર હવાઈ હુમલા કર્યા છે. આના પરિણામ ઘાતક હોઈ શકે છે.

રશિયાએ એમ પણ કહ્યું છે કે, ત્રણેય દેશોને સમજવાની જરૂર છે કે, આ હુમલાના પરિણામ યુદ્ધ તરીકે પણ હોઈ શકે છે. મોસ્કો તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં દાવો કરવામાં આવ્યો છે કે, સિરિયા પર હુમલામાં રશિયાના સ્થળોને ટાર્ગેટ બનાવવામાં આવ્યા નથી. અમેરિકાના રશિયન રાજદૂત એંતોનોવે નિવેદનમાં કહ્યું છે કે, એક વખત ફરી અમને ચેતવણી આપવામાં આવી રહી છે. અમે ચેતવણી આપી રહ્યા છીએ કે આવી કાર્યવાહીને કોઈ પરિણામ વગર છોડી શકાય નહીં. આની તમામ જવાબદારી હવે અમેરિકા, બ્રિટન અને ફ્રાંસ ઉપર રહેશે. રશિયન પ્રમુખનું અપમાન કોઈ કિંમતે ચલાવી લેવામાં આવશે નહીં. મોસ્કોમાં રશિયાના વિદેશ મંત્રાલયે કહ્યું છે કે, સિરિયા પર પશ્ચિમી દેશોના હુમલા એવા સમયે થયા છે જ્યારે દેશની પાસે શાંતિપૂર્ણ ભવિષ્યને લઈને તક રહેલી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા મારિયા જખારોવાએ કહ્યું છે કે, આ તમામની પાછળ જવાબદાર લોકો દુનિયામાં નૈતિક નેતૃત્વનો દાવો કરે છે અને એવી જાહેરાત કરે છે કે, તેઓ કંઈ અલગ છે. સિરિયા પર હુમલા નીતિનિયમોનો ભંગ કરીને કરવામાં આવ્યા છે. આ હુમલા રશિયા દ્વારા સિરિયાની અશદ સરકારને ટેકો આપવાના જવાબમાં કરવામાં આવ્યા છે. જો કે, રશિયાએ એમ પણ કહ્યું છે કે, અમેરિકાના હુમલાને નિષ્ફળ કરી દેવામાં આવ્યા છે.

ચૂંટણીમાં વિજય

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ચુંટણીમાં મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જયારે ગાંધીનગર બાર એસોસિએશનના પુર્વ પ્રમુખ શંકરસિંહ ગોહીલે આ ચુંટણીમાં વિજય હાંસલ કરતા ગાંધીનગરના વકીલોએ હર્ષની લાગણી વ્યકત કરી છે. શંકરસિંહ હાલમાં સ્ટેન્ડીંગ કાઉન્સિલમાં પણ સેવા આપી રહયા છે. આ તબક્કે શંકરસિંહ ગોહીલે જણાંવ્યુ હતુ કે વકીલોને મળતી મૃત્યુ સહાય બાર કાઉન્સિલ દ્વારા રૂ ૩ લાખ જેટલી આપવામાં આવે છે. જે વધારીને રૂ ૫ લાખ કરવા ઉપરાંત રાજય સરકાર દ્વારા પણ આ સહાય ચુકવવામાં આવે તેમજ રૂ ૨૫ કરોડનુ આર્થિક ભંડોળ રાજય સરકાર દ્વારા બાર કાઉન્સિલના વિકાસ માટે ફાળવવામાં આવે તે માટે રજુઆત કરવામાં આવશે તેમ પણ જણાંવ્યુ હતુ વધુમાં વકીલાતના વ્યવસાય માટે જુનિયર વકીલોને પ્રથમ પાંચ વર્ષ રૂ ૫ હજાર સહાય પેટે ચુકવવામાં આવે તે અંગે પણ રજુઆત કરવાનો નિર્ણય લેવાયો છે. વકીલોને મદદ કરવા તેમણે સદાય તૈયાર રહેવાની પણ ખાતરી આપી હતી.

પર્દાફાશ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ડિરેક્ટર ડો.કે.એસ.દેત્રોજા, જોઈન્ટ ડાયરેક્ટર કે.સી.પરમાર, મદદનીશ નિયામક એમ.કે.દેસાઇ, ફિલ્ડ સુપરવાઈઝર એસ.એમ.વાઘેલા અને કંપની સેક્રેટરી એસ.વી.શાહ પાસેથી રોકડા રૂ.૫૬.૫૦ લાખ મળી આવ્યા હતા. બીજા દિવસે સાબરકાંઠા, પાટણ સહિતની અન્ય કચેરીઓ અને આરોપી અધિકારીઓના નિવાસસ્થાન પર દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં અધિકારી એમ.કે.દેસાઇના ઘરેથી વધુ રૂ.૬૩ લાખ અને પાંચેયના ઘરેથી રૂ.૫૬ લાખનું રાચરચિલું મળી આવ્યું હતું. જેના આધારે એસીબીએ પાંચેય વિરુદ્ધ ગુનો નોંધી તેમની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે. એસીબીના અધિકારીઓએ આરોપી અધિકારીઓની ઓફિસ, નિવાસસ્થાનેથી કોમ્પ્યુટર, સીપીયુ, પેન ડ્રાઇવ, હાર્ડડિસ્ક સહિતનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો છે. આરોપીઓ પાસેથી ભ્રષ્ટાચાર આચરી મેળવાયેલા લાખો રૂપિયા ગણવા માટે એસીબીના અધિકારીઓને પૈસા ગણવાના મશીન લગાવવા પડયા હતા. આ સમગ્ર ભ્રષ્ટાચારના કૌભાંડમાં એસીબીએ હાથ ધરેલી ઝીણવટભરી તપાસમાં એવો ચોંકાવનારો ઘટસ્ફોટ સામે આવ્યો હતો કે, આ સમગ્ર કૌભાંડ અને ભ્રષ્ટાચારની ચેઇન રાજયવ્યાપી ધોરણે ચાલતુ હતું, જેમાં રાજયમાં આવેલી જમીન સંપાદનની કચેરીઓના ઓફિસરો સરકારી ગ્રાન્ટના પૈસા મંજૂર કરવા માટે લોકો પાસેથી પૈસા લેતા હતા. આ પૈસા આખી ચેઇન મારફતે મેનેજિંગ ડિરેક્ટર કે.એસ.દેત્રોજા સુધી પહોંચતા હતા. એસીબીના ઇતિહાસમાં આ સૌથી મોટી રેડ ગણાય છે અને ભ્રષ્ટાચારના કૌભાંડની ગંભીરતા ધ્યાને લઇ સરકારે પણ સાફ કરી દીધુ હતું કે, આ ગુનામાં સંડોવાયેલા તમામ અધિકારીઓ વિરૂધ્ધ કાર્યવાહી, સસ્પેન્શન સહિતના પગલાં લેવાશે.

મોરપીંછના રંગ

● **ચોથા પાનાનું ચાલું**

હિતાવહ છે. અને એવા મેસેજને કે વિડીયોને ક્યાંય શેર કર્યા વિના જ ડિલિટ કરવા જોઇએ. કેમ કે હવે પરિસ્થિતિ એવી બની રહે છે કે આ ૨૦૧૯ની ચૂંટણી આવતા આવતા આખા દેશમાં દલિત અને બિનદલિત વચ્ચેનો સંઘર્ષ વધી જવાની પૂરી સંભાવના છે. જ્યારે સાચી રીતે જોઇએ તો હવે આ ૨૧મી સદી છે જેમાં ધર્મ કે જાતિ – જ્ઞાતિ કરતા ટેલેન્ટની કિંમત વધુ છે. આ ૨૧મી સદીએ આપણને ગુગલ, ટ્વીટર, ફેસબૂક, વોટ્સપ વગેરે આપ્યું જે બધુ આવ્યું વિદેશમાંથી, પણ એના મૂળમાં કોઇ ને કોઇ ભારતીયો જ રહ્યા છે. વિદેશોની મોટી મોટી કંપનીઓ, દુનિયાની બેન્કો, સંસ્થાઓના સી.ઇ.ઓ પણ ભારતીય મૂળના રહ્યા છે. પણ તેઓ વસે છે વિદેશોમાં. શા માટે ? કેમ કે તેઓ જો અહીં રહેતા હોત તો હજીએ તેઓ આપણી જેમ હિંદુ-મુશ્લિમ કે આરક્ષણ જેવા મુદ્દાઓને લઇને એકબીજા સાથે ઝગડી રહ્યા હોત. અહીં શિક્ષિતો પણ આ મુદ્દે સંવેદનશીલ બનીને રહે છે. યુગો પહેલા બનેલા નીતિ નિયમોને ઢાલ બનાવીને અસામાજિકતા ઊભી કરવી કે અસમાનતાની ભાવના ઊભી કરવી એ આપણા જ દેશમાં જ શક્ય બને છે વિશ્વના અન્ય કોઇ દેશમાં આવું નથી. આપણા દેશમાં જેટલી જાતિઓ, જ્ઞાતિઓ છે એટલી તો પૂરા વિશ્વ આખામાં નથી. માટે જો દેશને પ્રગતિને પંથે લઇ જવો હશે તો જેવી રીતે બધા જ ટેક્ષ હટાવીને માત્ર એક જ ટેક્ષ લાગું કર્યો છે તેમ બધી જ જાતિ - જ્ઞાતિ હટાવીને, અટકો હટાવીને માત્ર એક જ જાતિ " હિન્દુસ્તાની – ભારતીય " લાગું કરવી જોઇએ. અને જેની જેવી ટેલેન્ટ એને એવું સ્થાન આપવું જોઇએ. અને સર્વ ધર્મ સમભાવની જેમ સર્વ જન સમભાવને ભાવના પ્રસરવી જોઇએ. અને જો આમ નહીં થાય અને આપણે હજીએ રાજનીતિના ચક્કરમાં ફસાયેલા જ રહીશુ. ટી.વી અને સોશિયલ મિડીયાના ભ્રમિત પ્રભાવમાંથી બહાર નહી આવીએ તો આવતા દસ વર્ષમાં આપણા દેશનાં અંદરથી જ ટૂકડા થઇ ગયા હશે અને કોઇ વિદેશી સત્તા – પાવર આપણી સૌની ઉપર રાજ કરશે એ વાતને નકારી શકાય નહીં. - અસ્તુ.

વિશ્વ હિન્દુ પરિષદમાં તોગડિયાના યુગનો આવેલો અંત : કોકજે વિહિપના નવા અધ્યક્ષ

પ્રવિણ તોગડિયાને મોટો ફટકો : રાઘવ રેડ્ડી અધ્યક્ષપદની ચૂંટણી હારી ગયા : પ્રથમ વખત ઇન્ટરનેશનલ પ્રમુખ પદની યોજાયેલી ચૂંટણી

નવીદિલ્હી,તા. ૧૪

વિશ્વ હિન્દુ પરિષદના કારોબારી અધ્યક્ષ પ્રવિણ તોગડિયાને આજે મોટો ફટકો પડ્યો હતો. વિશ્વ હિન્દુ પરિષદની નવી કારોબારીની આજે જાહેરાત કરવામાં આવી હતી. તેમના નજીકના રાઘવ રેડ્ડી વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ પદની ચૂંટણી હારી ગયા છે. હિમાચલ પ્રદેશના પૂર્વ ગવર્નર વિષ્ણુ સદાશીવ કોકજેને જીત મળી છે. તોગડિયા અને રાઘવ રેડ્ડીને નવી ટીમમાં કોઇપણ જવાબદારી સોંપવામાં આવી નથી. આને વિશ્વ હિન્દુ પરિષદમાં તોગડિયા યુગના અંત તરીકે ગણવામાં આવે છે. એમ માનવામાં આવે છે કે, પ્રથમ વખત ચૂંટણી કરાવવાના કારણે પણ પ્રવિણ તોગડિયાનું વિશ્વ હિન્દુ પરિષદ પર પ્રભુત્વ ખતમ થઇ ગયું હતું. હકીકતમાં કેન્દ્ર સરકાર અને ખાસ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અનેક જગ્યાએ ટિકા ટિપ્પણી કરનાર પ્રવિણ તોગડિયાથી સંઘ અને ભાજપના લોકો ખુબ જ નારાજ હતા.

વિશ્વ હિન્દુ પરિષદના બંધારણ મુજબ આંતરરાષ્ટ્રીય પ્રમુખ જ કારોબારી પ્રમુખ, ઉપપ્રમુખ અને જનરલ સેક્રેટરીની નિમણૂંક કરે છે. વિશ્વ હિન્દુ પરિષદના ૫૪ વર્ષના ઇતિહાસમાં પ્રથમ વખત ઇન્ટરનેશનલ પ્રમુખ પદ માટે ચૂંટણી યોજાઈ છે. શનિવારના દિવસે ગુરુગ્રામમાં ચૂંટણી યોજાઈ હતી.

અમેરિકામાં એચ-૧બી વિઝાની અરજીઓમાં ભારે ઘટાડો

વૉશિંગ્ટન,તા.૧૪

અમેરિકામાં એચ-૧ બી વિઝા અંગેના કાયદા અંગે અવઢવની સ્થિતિ અને ભારતીયોને રાખવાના ભારતીય કંપનીઓના બિઝનેસ મોડેલના વિરોધને કારણે ભારતીયો દ્વારા વિઝાની અરજીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

હવે ભારતીય કંપનીઓ ભારતીય વ્યાવસાયિકોને લેવાને બદલે અમેરિકામાંથી જ સ્થાનિકોને નોકરીએ રાખવાનું વધુ પસંદ કરવા લાગી છે.

એચ-૧બી વિઝા કાર્યક્રમ ચલાવતી યુએસ સિટિઝનશીપ એન્ડ ઈમીગ્રેશન્સ સર્વિસિઝે એક નિવેદનમાં જણાવ્યું હતું કે 'બીજી એપ્રિલે શરૂ થયેલા ફિલિંગ પીરિયડ હેઠળ ૧,૯૦,૦૯૮ એચ-૧બી પિટીશન્સ મળી છે, જેમાં એડવાન્સ્ડ ડિગ્રી મુક્તિ માટેની પિટીશન્સનો પણ સમાવેશ થતો હતો. ૨૦૦૭ પછી આ સૌથી ઓછી અરજીઓ છે ત્યારે ૩,૧૪,૬૨૧ પિટીશન્સ યુએસસીઆઈએસની વેબસાઈટ પર મળી હતી. એ પછી આંકડા બદલાતા રહ્યા છે, પરંતુ ૨૦૧૭માં પહેલી વખત તે ૩,૯૯,૩૪૯થી ઘટીને ૩,૩૬,૧૦૭ થયા છે.

અમેરિકામાં તાતા કન્સલ્ટન્સી સર્વિસિઝ, ઈન્ફોસિસ અને વિપ્રો જેવી આઈટી કંપનીઓને એચ-૧બી વિઝા સૌથી વધુ મળે છે અને તેમણે જાહેર કર્યું છે કે તેઓ હવે વિદેશી નોકરીઓ પર કાપ મુકી રહી છે અને સ્થાનિકોને વધુ નોકરીઓ આપી રહી છે. આ કંપનીઓના બિઝનેસ મોડેલ સામે આકરા વિરોધને કારણે તેમને તેમ કરવું પડી રહ્યું છે.